**મે. ૧૯માં અધિક ચીફ જયુ. મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ સમક્ષ, મુ. વડોદરા.**

**ફોજદારી કેસ નં. ૧૨૬૩૪૪ –૨૦૨૫**
**આંક –**

**ફરીયાદી :–  શ્રી સરકાર**

**વિરુધ્ધ**

**આરોપી :–  રોહીત ઉર્ફે સંજય રણજીતભાઇ વસાવા,**

**(૧)** ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત છે કે આરોપીએ જુગાર ધારા કલમ ૧૨(અ) મુજબનો ગુનો કરેલ છે. તે અંગે પોલીસે અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) ચાર્જશીટ રજૂ થતા આરોપીઓને સમન્સ કાઢવામાં આવેલ સમન્સ બજતા આરોપીઓ હાજર થયેલ. આરોપીઓએ કાયદા મુજબ ચાર્જશીટ ની નકલ આપી તેમની સામેનું તહોમત વાંચી સંભળાવી સમજાવતા આરોપીઓએ ગુનાનો એકરાર કરેલ છે. ગુનો સ્વેચ્છાપર્વક કબુલ કરેલ છે.

(૩) આરોપીઓ તેની ગુના કબુલાત પુરશીશ આજરોજ અત્રેની અદાલતમાં આપી તેમને ગુનો કબુલ હોવાનું જણાવેલ છે અને વધુમાં જણાવેલ છે કે તેઓનો આ પ્રથમ ગુનો છે તેઓ ગરીબ વર્ગ ના કુટુંબ કબીલા વાળા માણસ છે. જેથી દયાની માંગણી કરેલ છે. આમ, આરોપીઓની સ્વૈચ્છિક કબુલાત નહીં માનવાને કોઈ કારણ રહેતું નથી. આરોપીઓએ આ કાયદા હેઠળની સજાની સમજ આપવામાં આવેલ છે. આરોપીઓ તરફે મુદામાલ મોબાઈલ તથા નાણા અંગે કોઈ કલેઈમ નહી કરતા હોવાનુ જાહેર કરેલ છે.

(૪) આરોપી સંબંધે ખાસ અને પૂરતા કારણો જણાયેથી તેને કાયદાથી ઠરાવેલ લઘુતમ સજા અને દંડ કવા ઓછી સજા અને દંડ કોર્ટ કરી શકે છે તેવું નામદાર ગુજરાત હાઈકોર્ટે ૨૦૦૫(૧) જી.એલ.આર. ૭૦૯ થી રજૂ થયેલ ચૂકાદામાં ઠરાવેલ છે. તે અન્વયે આરોપીઓને જાહેર કરેલ તેના સંજોગોને ધ્યાને લેતાં આ કામે લઘુતમ સજા અને દંડ કરવા ખાસ અને પૂરતા કારણો

હોવાનું અને તેમ કર્યેથી ન્યાયનો હેતુ સરશે. તે મુજબનો નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**આખરી હુકમ**

- આરોપીઓને બી.એન.એસ.એસ. – ૨૦૨૩ ની કલમ – ૨૭૫ અન્વયે જુગાર ધારા કલમ ૧૨(અ) મુજબના ગુનામાં દોષિત ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રુ.૫૦૦ /– દંડ અને જો દંડ ન ભરે તો દીન– ૦૨ ની સાદી કેદની સજા કરવામાં આવે છે.
- મુદ્ધામાલ રોકડ રકમ સરકારમા જમા કરવો તથા અન્ય બિન કિંમતી મુદામાલનો અપીલ સમય બાદ નાશ કરવો. તેમજ મુદામાલ મુદામાલ મોબાઈલની મુળ માલીકની ખરાઈ કરી, અપીલ સમય બાદ પરત કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ કાયમી લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| વડોદરા.<br>તા.૧૩/૦૯/૨૦૨૫<br><br>કે.એસ.ગઢવી | **(શૈલેષકુમાર ગણપતલાલ પરમાર)**<br>૧૯માં એડીશ્નલ સીની. સીવીલ જજ અને એડી.<br>ચીફ જયુડી. મેજી., વડોદરા.<br>જજ કોડ નં. જીજે૦૧૧૪૬ |

પાવતી નં. ................
રુપિયા ૫૦૦/– (અંકે રુપીયા પાંચસો પુરા)
તા.૧૩/૦૯/૨૦૨૫

નાઝર
ચીફ જયુડી.મેજી.કોર્ટ,
વડોદરા.